R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 34 DATE: 24-08-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાંનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ઇન્ટરનેશનલ ક્રિકેટમાં વિસ્ફોટક બેટ્સમેન ગણાતા વેસ્ટ ઇન્ડીઝના બેટસમેન ક્રિસ ગેઇલે ઝંઝાવાતી પ્રદર્શન ક અંતિમ ઇનીગ્સ રમી વિદાય લીધી

ક્રિસ ગેઈલે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં તેની અંતિમ ઈનીગ્સ રમીને વિદાય લીધી હતી.ભારત સામે વેસ્ટ ઈન્ડીંઝમાં રમાઈ રહેલી ત્રણ વનડેની શૃખલામાં છેલ્લી વનડેમાં ક્રિસ ગેઈલે ઝંઝાવાતી બેટિંગનું પ્રદર્શન કર્યુ હતું.એક સમયે ભારતીય બોલરોને ચારેબાજુ ઝુડી કાઢ્યા હતા.એક સમયે એવું લાગતું હતું કે આ છેલ્લી ઈનીગ્સમાં ભારતીય બોલરોનો કચ્ચરઘાણ કાઢીને જ આ બેટ્સમેન ઝંપશે.

જોકે ગેઈલ આઉટ થયા બાદ ભારતીય બોલરોએ રમત પર પોતાનો અંકુશ મેળવી લીધો હતો અને આખરે ભારતે આ મેચ જીતી લીધી હતી. જેમાં ભારતીય કપ્તાને પોતાની સદી નોધાવી હતી અને પોતાની કારકીર્દીની ૪૨મી સદી પુરી કરી હતી. વિરાટ કોહલીથી માત્ર સચિન તેદુલકરજ આગળ છે જેની ૫૦ સદીઓનો રેકોર્ડ વનડે ક્રિકેટમાં નોધાયેલો છે.




## પહેલુખાન કેસ બાબતે રાજસ્થાનના મુખ્યમંત્રીએ અગાઉની સરકારની બેદરકારીની ટીકા કરતાં સીટ દ્વારા તપાસ આગળ વધારશે

રાજસ્થાનમાં પહલુખાનની એક ટોળાએ મારપીટ કરીને હત્યા કરવાના મામલે દર્જ કરાયેલા કેસમાં પોલીસે દાખવેલી બેદરકારી તેમજ સરકાર પક્ષે ભાજપની ભુમિકા નબળી હોવાનું હાલના રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે જણાવ્યુ હતું કે આ બાબતે તેઓ તપાસ કરાવશે.

૧ એપ્રિલ,૨૦૧૭ની બનેલી મોબ લિચીંગની ઘટના મુજબ આ દિવસે હરિયાણાના નુહ મેવાત જિલ્લાના જયસિંહપુરા ગામના રહેવાસી પહલુખાન પોતાના બે પુત્રો સાથે જયપુર બજારમાં દુધાળા પશુ ખરીદીને પોતાને ઘેર જઈ રહ્યા હતા ત્યારે રાજસ્થાનના અલવરના બહરોડ પાસે એક ભીડે વાહન અટકાવીને પહલુખાન અને તેના પુત્રોને માર માર્યો હતો. સારવાર દરમિયાન પહેલુખાનનું મૃત્યુ નિપજ્યું હતું.

અદાલતે હત્યા કેસમાં વીડીયો ફુટેજને પુરાવા તરીકે સ્વીકાર્યોનહોતો તેમજ વીડીયો ફુટેજની એફએસએલમાં તપાસ પણ કરાવી નહોતી.તેની સાથે કોર્ટે કહ્યુ હતું કે પહેલુખાનના પુત્રો આરોપીઓને ઓળખી શક્યા નહોતા.જેના આધારે કોર્ટે તમામ આરોપીઓને મુક્ત કરી દીધા હતા

રાજસ્થાનના મુખ્યમંત્રી અને કોગ્રેસી નેતા અશોક ગેહલોતે કહ્યુ હતું કે હવે કોર્ટમાં પહલુખાન જેવા કેસોનું મોનીટરીંગ સરકાર કરશે.તેમણે કહ્યુ હતું કે પહલુખાનની હત્યાના મામલે વસુંધરા રાજેના નેતૃત્વમાં રહેલી અગાઉની ભાજપ સરકારની ભુમિકા અંગે પણ તપાસ કરવામાં આવશે.ગેહલોતે કહ્યુ હતું પહલુખાન કેશમાં અગાઉની સરકારે બેદરકારી દાખવી હતી. તેથી જ આરોપીઓ વિરુધ્ધ પુરાવા ન મળ્યા અને તેનો નિર્દોષ છુટી ગયા. તેમણે કહ્યુ હતું કે આ પ્રકારના મામલાઓની તપાસ માટે મોનીટરીંગ સેલ બનાવાશે. હાલમાં જ રાજસ્થાન સરકારે પહલુખાનની મારપીટ કરીને હત્યા કરવાના મામલે તપાસ સીટ દ્વારા કરાવવાનો નિર્ણય કર્યો છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

## ગામડાઓમાં તબીબીની સેવા ઘટાડીને ૧ વર્ષ કરાઇઃ નવા નિયમોનો ચાલુ વર્ષથી અમલ કરાશે

રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો,સામુહિક આરોગ્ય કેન્દ્રો, સરકારી હોસ્પીટલોમાં ડોકટરોની ઘટને પહોચી વળવા રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે.ગ્રામ્ય કક્ષાએ અગાઉ નવા બહાર પડતા ડોકટરોને ત્રણ વર્ષ માટે સેવા આપવી પડતી હતી, તેના બદલે હવે માત્ર એક વર્ષ માટે ગામડામાં તબીબી સેવા આપવી પડશે.જો કે સરકારે એવો પણ આકરો સુધારો કર્યો છે કે અગાઉ આવા તબીબી વિદ્યાર્થીઓને સરકારમાં રુ.૫ લાખની રકમના બોન્ડ જમા કરાવવા પડતા હતા તેના બદલે હવે આ ૫ લાખના બોન્ડ ઉપરાંત વધારાની રુ. ૧૫ લાખની બેન્ક ગેરંટીં આપવાની રહેશે. જો કોઈએ ડોકટર થયા બાદ ગ્રામ્ય કક્ષાએ એક વર્ષ માટે તબીબી સેવા ન આપવી હોય તો તે ડોકટરે રુ. ૨૦ લાખ રાજ્ય સરકાર પાસે જમા કરવા પડશે. આ રકમ ભરાયા બાદ જ તેવા ડોકટરને મેડિકલ કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા ખાનગી પ્રેકટિસનું પ્રમાણપત્ર અપાસો. તે સિવાય તેઓ ડોકટર તરીકે પ્રકટીસ નહીં કરી શકે. રાજ્ય સરકાર દ્વારા કરાયેલા આ સુધારાઓનો અમલ ચાલુ વર્ષથી જ કરાશે. સરકાર એવી થોડીક રાહત આપી છે કે જે ડોકટર પાસે કોઈ મિલકત કે બેન્ક ગેરંટીની આપવાની આર્થિક ક્ષમતા ન હોય તેઓ એટલી હદે અતિ ગરીબ હોય તો તેવા ખાસ કિસ્સામાં તેમની ગેરન્ટી રજુ કરવામાંથી મુક્તિ આપવામાં આવશે. જો કે તેનો નિર્ણય લેવાની સત્તા માત્ર રાજ્ય સરકાર પાસે જ રહેશે.

## નયા ભારતના નિર્માણમાં ગુજરાત લીડ લેશે : મુખ્યમંત્રીશ્રી રુપાણી



૭૩માં આઝાદી પર્વ નિમિત્તે પ્રજાજોગ સંદેશ આપતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીએ કહ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નયા ભારતનો જે સંકલ્પ કર્યો છે તેને સાકાર કરવા ગુજરાત લીડ આપશે.આઝાદી પર્વના પ્રજાજોગ સંદેશમાં તેમણે તમામ નાગરિકોને શુભકામનાઓ પાઠવી હતી.

સ્વરાજનું સપનું ૧૫ ઓગષ્ટ ૧૯૪૭માં ગાંધીજી અને સરદાર પટેલે સાકાર કર્યું, એવીજ રીતે ગજરાતના બે નરબંકા વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ૭૨ વર્ષ પછી૧૫ ઓગષ્ટ ૨૦૧૯એ પુર્ણ સ્વરાજ માટે કાશ્મીરનો મુગટ મણી ભારત માતાના લલાટ ઉપર શોભાવ્યો છે. કલમ ૩૭૦ અને ૩૫એ દુર કરીને દેશના સવાસો ભારતીયોને માટે ખુશી આપી છે. જેથી ખરા અર્થમાં આ આઝાદી પર્વ ઐતિહાસિક બની ગયું છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુંકે ગુજરાતમાં તેમની સરકારે ગાંધી,સરદાર નરેન્દ્ર મોદી અને અમિત શાહના પદચિહ્નો પર ચાલીને સ્વરાજ પછી સુરાજ્ય ગુડ ગર્વન્નસની કેડીને પ્રસ્થાપિત કરી છે. આઝાદી પહેલાં ડાઈ ફોર નેશન અને હવે લીવ ફોર નેશન, દેશમાં પોલીટીકલ ડેવલપમેન્ટનો નવો યુગ વિકાસની રાજનીતી પ્રસ્થાપિત કરી છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશનું અર્થતંત્ર ભારે મંદીમાંથી પસાર થઈ રહ્યું છે.ત્યારે જ સરકારે તમામ બેન્કોને આ મંદીમાંથી બહાર કેવી રીતે લાવવી તે માટે મહામંથન કરવા આદેશ આપ્યા છે.જેના કારણે દેશભરમાંથી સુચનો આવશે અને મંદીમાંથી દેશને ઉગારવા માટે કેવા પગલાં લેવા જોઈએ તે બાબતે વિચારણા કરવામાં આવશે.જો કે દેશના અર્થતંત્રને કૌભાંડોના પગલે મોટો માર પડ્યો છે.બેન્કોની હાલની એનપીએ ઘટાડવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.પરંતુ તે એટલું સરળ નથી.કેટલીક બેન્કોનું મર્જર કરવાની વાત છે તેને અગત્યતા આપવા માટે પણ વિચારણા ચાલી રહી છે. પરંતુ હવે આ બધા પ્રયત્નો માત્ર ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવા છે.સરકારે નવી બેન્કીંગ પોલીસી બનાવવી પડશે.તેમજ બેન્કોનો વિકાસ કરવો હોય તો રિટેલ ક્ષેત્રે કરી શકાય,એગ્રીકલ્ચરલ ક્ષેત્રને પ્રાધાન્ય આપી શકાય પરંતુ કોર્પોરેટ ક્ષેત્રનું વર્ચસ્વ ઘટાડવું પડશે.તેવું પણ વિચારણા હેઠળ છે.

સરકારની નજર હાલમાં કેશ લીક્વીડીટી વધારવા માટે રિઝર્વ બેન્ક પાસેથી વધારના નાણાં લઈ લેવા, એલઆઈસી અને પોસ્ટ જેવા ખાતાઓમાં પડેલી બચતોના નાણાં બહાર લાવવા વિગેરે ઉપર બાજ નજર રાખી રહ્યા છે. જો રિઝર્વ બેન્ક પાસેથી સરકાર નાણાં લઈ લેશે તો પછી રિઝર્વ બેન્કની અવદશા થવી નક્કી છે. છેલ્લા પાંચ વર્ષમાં સરકારે જે રીતે આર્થિક વ્યવસ્થાનો ઉપયોગ કર્યો છે તેનાથી આવનારા દિવસોમાં ભારે મંદીનો સામનો કરવો પડશે.દેશના નાણાં મંત્રીઓ દેશના અર્થતંત્રને મજબુતી આપવામાં નિષ્ફળ રહ્યા છે.તેમના દ્વારા બહાર પડાતા આંકડાઓ માત્ર ગુમરાહ કરવાની માયાજાળ જેવા સાબિત થયા છે. દેશમાં મોંઘવારીનો આંક એટલે બધો વધી ગયો છે કે સામાન્ય નાગરિક તોબાહ પોકારી ગયો છે. દેશના સામાન્ય નાગરિકને મંદિર હોય કે ૩૭૦ એનાથી શુ થવાનું છે. પેટ ભરવા માટે મોઘવારી ઘટવી જરુરી છે. જે શક્ય બની નથી.સામાન્ય અને મધ્યમવર્ગીય લોકો માટે જીવન નિર્વાહ માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.માત્ર મેળાવડા, સંમેલનો શિબરો કે મહામંથનના કાર્યક્રમો દેશના નાગરિકોને મોંઘવારીમાંથી છુટકારો આપી શકશે. દેશની બેન્કોના નાંણા તો અમીરો જમી જાય છે અને બધો ભાર વેઢારવાનો વખત સામાન્ય નાગરિકો ઉપર છે.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીર માટેની બંધારણમાં કલમ ૩૭૦નહી તેની જોગવાઇઓ હટાવી છે : હરીશ સાલ્વે,ભુતપુર્વ એટર્ની જનરલ

કેન્દ્ર સરકારના જમ્મુ-કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ-૩૭૦ પરનાનિર્ણય બાદ તેના વિશે દેશભરમાંથી ચર્ચા છે ત્યારે પુર્વ એટર્ની જનરલ તથા ઈન્ટરનેશનલ કોર્ટમાં કુલભુષણ જાદવનો કેસ લડનારા હરીશ સાલ્વેનું નિવેદન આવ્યુ છે. ચેમાં તેમણે કહ્યુ હતું કે સરકારે બંધારણની કલમ-૩૭૦નહીં, પરંતુ કલમ ૩૫-એ સહિત તેની જોગવાઈઓ સમાપ્ત કરી છે. સાલ્વે એ સુપ્રીમ કોર્ટમાં મીડીયાને કહ્યુ હતુંકે કલમ-૩૭૦ કહે છે કે તેના અંતગર્ત જોગવાઈઓને રાષ્ટ્રપતિના આદેશ દ્વારા લાગુ કરી શકાશે.૧૯૫૪માં રાષ્ટ્રપતિના આદેશ દ્વારા કલમ ૩૫-એને બંધારણમાં સામેલ કરાઈ હતી.આજે એ આદેશને રદ કરી દેવાયો છે.રાજ્યની સીમાઓને ફરીથી નિર્ધારીત કરવા કે રાજ્યના પુનર્ગઠન અંગે સરકારના બિલ અંગે સાલ્વેએ કહ્યુ હતું કે રાજ્યને બે વિભાગમાં વહેચવા સબંધિત બિલને સંસદમાં બે વખત રજુ કરાશે. બિલનું મહત્વ ત્યારે હશે જ્યારે સંસદમાં પસાર થશે. આ એક રાજકીય નિર્ણય છે.

કલમ-૩૫એ અનુસાર રાજ્યની વિધાયિકાને જમ્મુ-કાશ્મીરના સ્થાયી નાગરિકોને દરજ્જાને પરિભાષિત કરવાનો અધિકાર છે. જેના અનુસાર કોઈપણ બહારની વ્યક્તિ જમ્મુ-કાશ્મીરમાં સંપત્તિ ખરીદી શકતી નહોતી અને રાજ્યમાં નોકરી કરી શકતી નહોતી.

## કલમ ૩૭૦ હટાવવાનો સરકારનો નિર્ણય કશુંય ક્રાંતિકારી પગલું નથી : સોલી સોરાબજી સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને કાનુની તજજ્ઞ

જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ ખતમ કરવાના સરકારના નિર્ણય પર કાનુની નિષ્ણાતોના મિશ્ર અભિપ્રાય આવી રહ્યા છે.કેટલાક તજજ્ઞો આને ઐતિહાસિક અને લાંબા સમયથી અપેક્ષિત પગલું ગણાવી આવકારી રહ્યા છે.તો અન્ય આ નિર્ણયને રાજકીય દુસાહસ કહી રહ્યા છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને બંધારણીય કાનુન તજજ્ઞ રાકેશ દ્વિવેદીએ કહ્યુ હતું કે આ નિર્ણય સંપુર્ણ રીતે કાનુન અંતગર્ત છે. સરકારના નિર્ણય વિરુધ્ધની અરજીને સફળતા મળવાની કોઈ શક્યતા નથી. આ લાંબા સમયથી અપેક્ષિત ઐતિહાસિક પગલું છે. એને હટાવવી જોઈતી હતી.અને હવે ૩૭૦ની કોઈ જરુરત નથી.એટલે મને સમજાતું નથી કે કલમ ૩૫-એ એ કેમ હોવી જોઈએ.

સુપ્રીમ કોર્ટના રિટાયર્ડ જસ્ટીસ અશોકકુમાર ગાંગુલીએ કહ્યુ કે કલમ ૩૭૦ અસરહિન કરવી ગેરબંધારણીય લાગતી નથી.. અસ્થાયી જોગવાઈ ૭૦ વર્ષથી વધુ સમય સુધી ચાલતી રહી,કેટલા લાંબા સમય સુધી તેને કાયમ રાખી શકાય ?હું આ કહી ન શકું એ આ રાજકીય રીતે યોગ્ય પગલું છે કે નહીં ?જ્યારં સાલ્વેએ કહ્યુ હતું કે આ ખુબ જટીસ કાનુની સ્થિતિ છે.તેનું વિશ્લેષણ કરવું જરુરી છે.

## પશુપાલકો-માછીમારોને હવે ખેડુતની માફક ૩ લાખ સુધીની વ્યાજ મુક્ત લોનનો લાભ અપાશે : કેન્દ્રીય કૃષિ મંત્રી રુપાલાને સોમનાથમાં કરેલી જાહેરાત

સોમનાથ ખાતે ગૌસેવા સંવર્ધન કાર્યક્રમમાં બોલતાં કૃષિ રાજ્યમંત્રી પરસોત્તમ રુપાલાએ એવી જાહેરાત કરી છે કે અત્યાર સુધી ખેડુતોને ૩ લાખ સુધીની વગર વ્યાજની લોનનો લાભ અપાતો હતો.હવે કેન્દ્ર સરકારે ખેડુતની વ્યાખ્યા વિસ્તારીને સાગર ખેડુઓ યાને માછીમારોને તથા પશુપાલકોને પણ ખેડુત ગણ્યા છે.એટલે કે ત્રણ લાખ સુધી વગર વ્યાજની લોનનો લાભ હવે પશુપાલકો અને માછીમારોને પણ મળશે.

રાજ્યમાં ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો હોઈ કચ્છથી માંડીને વલસાડ સુધી દરિયાકાંઠો માછીમારોની મોટી સંખ્યા છે. એવી જ રીતે રાજ્યમાં ડેરી ઉદ્યોગ મોટા પ્રમાણમાં વિકસ્યો હોઈ પશુપાલકોની સંખ્યા પણ મોટા પ્રમાણમાં છે. તેથી કેન્દ્ર સરકાર દ્વારા પશુપાલકોઅને માછીમારોને ખેડુત ગણી ત્રણ લાખની લોનમાં વ્યાજ સબસીડી આપવાનો નિર્ણય રાજ્યના આ બંને વર્ગને ઉપકારક નીવડશે.ઘણા સમયથી પશુપાલકોને તથા માછીમારોને ખેડુતની સમકક્ષ ગણી લાભો આપવાની માંગ થતી હતી. કારણ કે એમને સબસીડીવાળી લોન સહાય જોઈતી હતી. પરંતુ એમની માંગણી અત્યાર સુધી નકારવામાં આવતી હતી. હવે જ્યારે કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી પરસોત્તમ રુપાલાએ પશુપાલકો અને માછીમારોને ત્રણ લાખ સુધીની લોન વ્યાજમુક્ત આપવાની જાહેરાત કરી છે ત્યારે આ બંને સમાજોને મોટો ફાયદો થશે.હવે ખેડુતોની વ્યાખ્યામાં પશુપાલકો-માછીમારોને આવરી લેવામાં આવ્યા છે.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



# સ્વાતંત્ર્ય પર્વની સૌને હાર્દિક શુભકામના.....

## ન જાતિવાદ...ન જ્ઞાતિવાદ.....ન પ્રાંતવાદ ... ન ભાષાવાદ......ન કોમવાદ......

**માત્રને માત્ર**

# રાષ્ટ્રવાદ

**૭૦મું**
**સ્વાતંત્ર્ય પર્વ**

**એક ભારત શ્રેષ્ઠ ભારત**
**ઉજ્જવલ અને ઉન્નત ભારત માટે**
**આવો આપણે સૌ સાથે મળીને પ્રતિબધ્ધ થઇએ.**

**પોતાના પ્રાણની આહુતિ આપી જાત ખપાવી**
**દેનારા વીરોને નમન કરીએ દેશ માટે જીવીએ,**
**દેશ માટે સમર્પિત થઇએ.**

**વિકાસ પ્રક્રિયાનું સાતત્ય જાળવી એક ભારત શ્રેષ્ઠ ભારતનો માર્ગ પ્રશસ્ત કરીએ.**

**નીતિનભાઇ પટેલ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**

# બાળકને સામાજિક કેવી રીતે બનાવશો ?

થોડા સમય પુર્વે અમદાવાદમાં એક શાળામાં કેટલાક શિક્ષકો ચર્ચા કરવા એકઠા મળ્યા હતા.ચર્ચાનો વિષય હતો બાળકોમાં ઘટતા જતા મુલ્યોના સિંચન માટે શાળા અને ઘર શુ કરી શકે ?જેમાં આજનું બાળક સામાજિક ઓછું અને સ્વાર્થી વધુ જોવા મળે છે. એવો એક સુર નીકળ્યો હતો.તે માટે ચર્ચા થઈ જેમાં શિક્ષકોનું માનવું હતું કે , કેટલાંક બાળકો ખુબજ સામાજિક હોય છે.જયારે કેટલાંક બાળકોમાં સામાજિકતા જેવું સહકારની ભાવના જેવું કશુંય દેખાતું જ નથી.એકલા અટુલા બોઠેલા બાળકો કે કોઈને મદદ કરવાની વાત કરીએ ત્યારે તેમના મોઢા પરના નકારાત્મક ભાવ જોઈને દુઃખ થાય છે. ત્યારે બાળકનો સામાજિક બનાવવા માટેના કેટલાક ઉપાયો આ શિક્ષકોએ આપ્યા હતા.

સામાજિકતાનો અર્થ આપતાં શિક્ષકોએ જણાવ્યું હતું કે પારસ્પરિક સહકારની ભાવના એટલે સામાજિકતા. પોતાની શક્તિ અને ક્ષમતાનો ઉપયોગ અન્ય વ્યક્તિ, સંસ્થા કે સમાજ માટે કરવો એટલે સામાજિકતા. ધ્યેય કે કાર્ય સફળતાપુર્વક પુર્ણ થાય તે માટેની જરુરી મદદ. સમાજના મુલ્યોનું જતન કરીને સમાજોપયોગી બનાવાની ભાવના.

બાળક શાળામાં અને ઘરમાં કેવા વર્તન કરે તો આપણે તેને સામાજિક કહીશું ? પોતાના સહાધ્યાયીઓને મદદ કરતો હોય, અભ્યાસમાં કે અન્ય બાબતે નબળા વિદ્યાર્થીને મદદ કરતો હોય,જુથકાર્ય દરમિયાના મદદરુપ થતો હોય,જુથમાં કે પ્રવાસ પર્યટન,પ્રાર્થના સંમેલન કે શ્રમકાર્ય દરમિયાન એકબીજાની સાથે હળીમળીને રહેવાની કામ કરવાન ભાવના હોય. શાળા રિસેસ દરમિયાન સમુહમાં નાસ્તો કરે. મિત્રોમાં વધુ પ્રિય હોય, ઘરમાં વાલી અને ભાઈ બહેનને મદદરુપ બનોત હોય,મહેમાનોને આવકાર આપે,યોગ્ય રીતે વાતચીત કરે. ઘરમાં કોઈ બિમાર હોય ત્યારે તેની ભુમિકા અદા કરે.સમાજમાં યોજાતા કાર્યક્રમોમાં ભાગ લે. જાહેરમાં સામાજિક કાર્ય કરવા શરમ સંકોચ ન અનુભવે. પડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવા શરમ સંકોચ ન અનુભવે. પાડોશી સાથે યોગ્ય વર્તન વ્યવહાર અને મદદ કરવાની વૃત્તિ હોય. બીમાર પશુ-પંખીને મદદરુપ થાય.કુદરતી આપત્તિ સમયે પોતાની ભુમિકા અદા કરે.જેમકે ફાળો એકત્ર કરવો, કપડાં કે જરુરી ચીજવસ્તુ એકત્ર કરવા શારીરીક મદદ કરવી વિગેરે.

શાળા કે ઘરમાં ચોક્કસ પ્રકારના સુત્રો વારંવાર બોલવામાં આવે કે બાળક વાંચી શકે તેમ લખવામાં આવે તો પણ બાળક સામાજિક બનશે. કેમકે જગ સુખી તો હું સુખી. વિના સહકાર, નહી ઉધ્ધાર, ઝાઝા હાથ રળિયામણા. પહેલા ફરજ,પછી હક્ક. સહકાર સૌને ગમે. હું હંમશા બીજાને મદદ કરતો રહીને મારા જન્મને સાર્થક બનાવીશ. બાળકને સામાજિક બનાવવા તેની સમક્ષ કેટલાંક ઉદાહરણો પણ વારંવાર રજુ કરવા જોઈએ કે જેમાં તે પ્રેરણા લે. જેમકે ગાંધીજી,સરદાર વલ્લભભાઈ પટેલ,રાજા રામમોહનરાય, વિનોબા ભાવે, રવિશંકર મહારાજ વગેરેના જીવનના અનેક પ્રસંગો છે.ઉપરાંત આપણી આસપાસના વિસ્તારમાં અને ક સામાજિક સેવાકાર્ય કરતી સંસ્થાઓ છે.તેના ઉદાહરણ આપી શકાય તેમજ તેની મુલાકાત પણ લઈ શકાય. આપણા પરિચિતો દ્વારા કોઈ સામાજિક સારુ કાર્ય થયુ હોય તો તેમાં તેના ઉદાહરણોની મોટી અસર થશે.

બાળકને સામાજિક બનાવવા માટે શાળા માં અનેક પ્રવૃત્તિઓ કરી શકાય.જેમકે શાળામાં સમાજ સેવા સમિતિ બનાવવી. જે સામાજિક કાર્યો વિદ્યાર્થીની મદદથી જ કરે.આર્થિક રીતે નબળા વદ્યાર્થીઓ માટે ભંડોળ એકત્રીત કરવું. જરુરીયાતમંદ બાળકોને પુસ્તકો, ગણવેશ મળી રહે તેવા પ્રયત્નો કરવ. શાળામાં સામાજિક કાર્યકરોને આમંત્રણ આપવું.કુદરતી આપત્તિ સમયે જરુરી મદદરુપ થવા શક્ય હોય તો વિદ્યાર્થીને સાથે રાખીને જવું.સામાજિક કાર્ય કરતા વિદ્યાર્થીનું જાહેરમાં સન્માન કરવું. શિક્ષકે પોતાના અધ્યાપન દરમિયાના સામાજિક પ્રવૃત્તિઓ અને વ્યક્તિઓના યથાયોગ્ય ઉદાહરણો આપવા. શિક્ષકે પણ અવારનવાર સામાજિક કાર્યક્રમોમાં જોડાવું અને શાળામાં તેનો ઉલ્લેખ કરવો. વાલી સાથે પુરા આદરથી વાતચીત કરવી અને શક્ય મદદ કરવી.બાળકને સામાજિક બનાવવા માટે વાલીનો સહયોગ પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવા.શાળામાં વિદ્યાર્થીઓને એકબીજાની વધુ નજીક આવે, એકબીજાને મદદરુપ થાય તેવા સામુહિક કાર્યક્રમો ગોઠવવા. શિક્ષકોએ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં ઉદાહરણ બેસાડવા.

શાળા અને શિક્ષકના પ્રયત્નો ત્યાં સુધી અધુરા રહેશે જ્યાં સુધી વાલીનો સહકાર નહીં મળે.માટે જ વાલીઓ પણ બાળકને સામાજિક બનાવવાના કેટલાક કાર્યો ઈરાદાપુર્વક કરવા પડશે. જેમકે ઘરમાં દરેક સભ્ય એકબીજા સાથે યોગ્ય વર્તન કરે અને પોતાની લાગણી પ્રદર્શિત કરે તે માટેના પ્રયત્નો કરે.ઘર કે પડોશમાં જ્યારે પણ અન્યને મદદરુપ થઈ શકાય તેમ હોય ત્યારે તે કામ અવશ્ય કરવું જ. પાડોશી અને સગાં સાથે યોગ્ય નમ્રતાપુર્ણ વ્યવહાર કરવો અને જરુર પડે ત્યારે દોડી જવું.પોતાનું બાળક સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે પ્રોત્સાહન આપવું અને બાળક જ્યારે સામાજિક કાર્ય કરે ત્યારે તેના વખાણ કરવા, અન્ય વ્યક્તિની હાજરીમાં પણ વખાણ કરવા.આપણી આસપાસ આવેલી સામાજિક સંસ્થાની મુલાકાત બાળકને સાથે રાખીને લેવી.સમાજમાં જરુર પડે ત્યારે મદદ માટે જવું શક્ય હોય તો બાળકને સાથે રાખવો અથા સમગ્ર કાર્યની વાત કરવી.આપણા પરિચિતોને ત્યાં આવતાં પ્રસંગોમાં જરુરી મદદ કરવી અને બાળકને પણ તેની ઉમર પ્રમાણેના કામ સોપવા. સ્વાર્થ અને સહકારમાં ક્યાં નુકશાને અનો કયાં ફાયદો છે તે સમજાવવું.જીવનમાં આગળ વધવા અને વધારવા સહકાર એક અગત્યનું પરિબળ બની શકે તે સમજાવવું. ઘરમાં બાળકને સામાજિક કાર્યો કરવાનો સમય મળી રહે તેવું આયોજન કરવું.

શાળાએ પણ વાલીને અવારનવાર શાળામાં બોલાવીને વાલી મીટીંગ કરવી.જેમાં તેમના બાળકના સર્વાંગી વિકાસ માટે કેવા પ્રયત્નો શાળા કરી રહી છે તે જણાવવું અને સાથે તેમનો સહકાર માંગવો.ઉપરાંત શાળાને મદદરુપ થઈ શકે તેવા વાલીઓનો સહકાર અવશ્ય લેવો.તેમજ તેમને અવારનવાર જાહેરમાં બિરદાવવા. કોઈ વાલીએ સામાજિક ઉત્કૃષ્ટ કામ કર્યું હોય તો તેની જાણ શાળાના તમામ વાલીને થાય તેવા પ્રયત્નો કરવા. જેની નોંધ અન્ય વાલી લેશે અને તેમને પ્રેરણા મળશે.ટુંકમાં આજના બાળકમાં સામાજિકતા ઘટતી જાય છે તે ચિંતાનો વિષય છે.જે શાળા-શિક્ષક,વાલી અને સમાજે જાગૃત બનીને પ્રયત્નો કરવા પડશે. ઘર કે શાળા કે સમાજમાં એવા કાર્યો અને વિચારોનો પ્રસાર થવો જોઈએ કેજેમાંથી બાળક પ્રેરણા લઈને સામાજિક બને.આજે તો એવાં કેટલાંય ઘર જોવા મળે છે કે જ્યાં વાલી નોકરી ધંધે ગયા હોય ત્યારે બાળકને ઘરમાં લોક મારીને પુરીને જાય છે.આવુ બાળક કેવી રીતે સામાજિક બની શકે ?એવા પણ કુટુંબો છે જ્યાં બાળકને ઘર બહાર નિકળવાની પરવાનગી ભાગ્યે જ મળતી હોય ચે. આવા બાળકને સામાજીકતા એટલેશું તેનો ખ્યાલ ક્યાંથી હોય?

લેખક : ડો. અશોક પટેલ
(સૌ.સંદેશ)

---

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

હાલ,ભારતમાં સાઈઠ વર્ષથી વધારે ઉંમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે

# વેસ્ટ ઇન્ડીઝના પ્રવાસે ગયેલી ભારતીય ટીમે ત્રણ વન ડે અને ટ્વેન્ટી ટ્વેન્ટી મેચોમાં જીત મેળવીને ક્લીન સ્વીપ આપી

ભારતીય ક્રિકેટ ટીમ જે વેસ્ટ ઈન્ડીઝના પ્રવાસે ગઈ છે. તેમણે ત્યાં ટ્વેન્ટી ટ્વેન્ટી મેચોમાં વેસ્ટ ઈન્ડીઝને હરાવી હતી.ત્યારબાદ શરુ થયેલી ત્રણ વનડે મેચોમાં પણ ભારતે એકતરફી જીત મેળવી હતી. આમ તેમણે વેસ્ટ ઈન્ડીઝ મર્યાદિત ઓવરોની મેચોમાં ક્લીન સ્વીપ આપી હતી.

જો કે તાજેતરમાં રમાઈ ગયેલા વર્લ્ડ કપમાં ભારતને મળેલી હારને કારણે નિરાશા વ્યાપી હતી. પરંતુ તાજેતરમાં રમાઈ ગયેલી મેચોમાં કેટલીક ઉપલબ્ધીઓને કારણે ફરીથી ટીમમાં ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. કેપ્ટન વિરાટ કોહલી જબરજસ્ત ફોર્મમાં ચાલી ર હ્યો છે. તેણે ઉપરા છાપરી સતત બે મેચોમાં સદી ફટકારી હતી. આ ઉપરાંત ૪ નંબર પર બેટીંગમાં ફેઈલ ગયેલા રુષભ પંતની જગ્યા લે તેવા શ્રેયસ ઐયરને અજમાવવાને કારણે નવી આશા ઉભી થઈ છે. ઐયરે બે મેચોમાં સફળતાપુર્વકની બેટિંગ કરીને ટીમને જીત અપાવવામાં યોગદાન આપ્યું છે. જ્યારે નવોદિત બોલરોમાં ફાસ્ટ બોલરોની આવક ચાલુ થઈ છે. ખલીલ ઉપરાંત સૈની પણ અછતને દુર કરી શકવાને સમર્થ છે તે સાબિત કરી આપ્યું છે. આવનારા સમય માટે ભારત માટે પસંદગી માટે મોકળાશ રહેશે અને અનેક યોગ્ય પ્લેયરો મળી રહેશે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.